જામનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ૪૯ દિવસથી ચાલતી

બેબી લીગ ફૂટબોલ ટૂર્નામેન્ટનો સમાપન સમારોહ યોજાયો

જામનગર તા. ૧૧: જામનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ૪૯ દિવસથી ચાલતી બેબી લીગ ફૂટબોલ ટુર્નામેન્ટનો ફાઈનલ મેચ સાથે ભવ્ય સમાપન સમારંભ યોજાયો હતો.

ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા ગુજરાતના દરેક જિલ્લામાં ગ્રાસ રુટ લેવલથી ફૂટબોલનું ડેવલોપમેન્ટ થાય તે માટે બ્લુ કલબ બેબી લીગ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. જેને અનુલક્ષીને જામનગરમાં પણ ફૂટબોલ એસોસિએશન દ્વારા બેબી લીગ ફૂટબોલ ટુર્નામેન્ટનું જામનગર ની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં આયોજન કરવામાં હતું.

જેની શરૂઆત તારીખ ૧૦.૧.૨૦૨૬ થી કરાઈ હતી. આ ટુર્નામેન્ટ મા ૧૦ વર્ષ સુધીના અને ૧૨ વર્ષ સુધી એમ બે કેટેગરી મા રમાડવામાં આવી હતી. જેમાં બંને કેટેગરી મા જામનગર ની બેસ્ટ ૮ ટીમોમાં કુલ ૧૪૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. દરેક ટીમ ને ૧૪ મેચ રમવા મળેલ હતા. અને ટુર્નામેન્ટ ના અંતે ૨૨.૨.૨૦૨૬ ના રોજ આખરી દિવસ ના મહત્વના મેચ સાથે આ ટુર્નામેન્ટ નું સમાપન થયેલ હતું.

આ ટુર્નામેન્ટમાં ફાઈનલ મેચમાં એમ.જે. સ્પોર્ટ્સના મનજીતસિંહ ઉપ્પલ, જામનગર ના ફુટબોલ ના ખેલાડી તથા જામનગર મહાનગરપાલિકામાં ફરજ બજાવતા યુવરાજસિંહ ઝાલા, સી.ડી. ગોયંકા સ્કૂલના નીતુ વેદ, ભાવેશ વૈષ્ણવ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેઓના હસ્તે વિજેતા ટીમો ને ટ્રોફી, મેડલ અને મોમેન્ટો એનાયત કરાયા હતા.

સમગ્ર ટુર્નામેન્ટ જામનગર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના સેક્રેટરી આનંદભાઈ માડમના માર્ગદર્શન હેઠળ રમાડવામાં આવી હતી. જેમાં જામનગરના તમામ સિનિયર ખેલાડીઓએ પોતાનું યોગદાન આપ્યું હતું. સમારંભના અંતે આભાર વિધિ કમલેશ ચાવડા દ્વારા કરવામાં આવી હતી.

ઉલ્લેખનિય છે કે, દસ વર્ષથી નીચેના વિભાગમાં પ્રાઈમ વોરિયર પ્રથમ સ્થાને, જી.ડી. ગોયંકા સ્કૂલ બીજા સ્થાને, જ્યારે એનસીએફસી ફૂટબોલ એકેડમી ની ટીમ ત્રીજા ક્રમે વિજેતા થઈ હતી. જ્યારે બાર વર્ષની વયના વિભાગમાં એનસીએફસી બી. ફૂટબોલ એકેડેમીની ટીમ પ્રથમ સ્થાને, હત્રાન ફૂટબોલ ક્લબની ટીમ બીજા સ્થાને, જ્યારે એનસીએફસી એ. ફૂટબોલ એકેડેમીની ટીમ ત્રીજા સ્થાને વિજેતા થઈ હતી.

નવદંપતીઓએ પ્રભુતામાં માંડયા પગલાઃ

જોડીયામાં સમસ્ત ભરવાડ સમાજ દ્વારા સમૂહલગ્નઃ મનોજભાઈ ચાવડિયાનું સન્માન

(તસ્વીરઃ સંજય ડાંગર)

ધ્રોલ તા. ૧૧: જામનગર જિલ્લાના જોડીયા ગામે સમસ્ત ભરવાડ સમાજ દ્વારા ૧૫માં સમૂહલગ્ન મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડી નવજીવનની શરૂઆત કરી હતી. આ માંગલિક અવસરે સમગ્ર ભરવાડ સમાજ દ્વારા સમાજના રત્ન, ભાજપના વરિષ્ઠ આગેવાન અને જાણીતા શિક્ષણશાસ્ત્રી મનોજભાઈ ભગાભાઈ ચાવડિયાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

જામનગર જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી અને જિલ્લા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન મનોજભાઈ ચાવડિયા આજે ૮૦ વર્ષની વયે પણ સમાજસેવા અને શિક્ષણ જગત માટે પ્રેરણારૂપ બની રહ્યા છે. ૧૬ સપ્ટેમ્બર ૧૯૪૬ના જન્મેલા અને ગુજરાત વિદ્યાપીઠના સંસ્કારો ધરાવતા મનોજભાઈએ પી.ટી.સી. કોલેજના આચાર્ય તરીકે વર્ષો સુધી સેવા આપી છે.

રાજકીય ક્ષેત્રે ભાજપના પાયાના કાર્યકર હોવા છતાં તેમની મુખ્ય ઓળખ હંમેશાં એક નિષ્ઠાવાન શિક્ષણશાસ્ત્રી તરીકેની રહી છે. હાલ જૈફ વયે પણ તેઓ ભરવાડ સમાજમાં વ્યસનમુક્તિ, શિક્ષણનો વ્યાપ વધારવા અને કુરિવાજો નાબૂદી માટે "દીવાદાંડી" સમાન કાર્ય કરી રહ્યા છે. આ સમુહલગ્ન પ્રસંગે ઉપસ્થિત સૌ કોઈએ મનોજભાઈના સેવાકીય જીવનની સરાહના કરી હતી અને નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

બાવીસ રક્તદાતાઅએ કર્યું રક્તદાન

ડીકેવી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં યોજાયો રક્તદાન કેમ્પ

જામનગર તા. ૧૧: જામનગરની સરકારી ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ દ્વારા રક્તદાન એનએસએસ તથા એનસીસીના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. કોલેજના આચાર્ય ડો. પી.વી. બાણુગોરિયાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કોલેજના અધ્યાપકો તથા સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીઓ સાથે રક્તદાન કર્યું હતું. આ રક્તદાન કેમ્પમાં બાવીસ રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. બ્લડ બેંકની ટીમે સેવા આપી હતી. એનએસએસના પીઓ ડો. કૌશિક જોષી, ડો. વિનોદ, એનસીસીના ડો. અંકુર કણસાગરા, ડો. જયંત રાઠોડ, ડો. સુધીર જોષી, જયેશભાઈ જીલડિયા, ડો. જગદીશ વિક્રોઈ વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

સાંસ્કૃતિક કાર્યક્રમ તથા વિદ્યાર્થિનીઓને શૈક્ષણિક કીટઃ

આરંભડા સ્થિત કેજીબીવીનો વાર્ષિક ઉત્સવ તથા ધો. ૧૨ની વિદ્યાર્થિનીઓ માટે વિદાય સમારંભ સંપન્ન

(તસ્વીરઃ સંજય ડાંગર)

આરંભડા તા. ૧૧: આરંભડા સ્થિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી)નો વાર્ષિક ઉત્સવ તથા ધો. ૧૨ની વિદ્યાર્થિનીઓ માટે વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ તક વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. અને ધો. ૧૨ની વિદ્યાર્થિનીઓને વિદાયમાન આપવામાં આવ્યું હતું. આ તકે ધો. ૧૦ અને ૧૨ની દીકરીઓને શૈક્ષણિક કિટ તથા છબી આપવામાં આવી હતી.

આ પ્રસંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટ, જિલ્લા જેન્ડર કો-ઓર્ડીનેટર પૂજાબેન, બીઆરસી ભુરાભા જડિયા, સીઆરસી વિજયભાઈ લગારીયા, નોડલ પર્સન પ્રાથમિક શાળાનો સ્ટાફ, મુકુંદભાઈ ભાયાણી, પત્રકાર રાજુભાઈ સુતરીયા, નગરપાલિકા સભ્ય ચેતનભાઈ, કેજીબીવીને મદદરૂપ થનારા દાતાશ્રીઓ અને વાલીગણ ઉપસ્થિત રહ્યા હતાં.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં

આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીની તૈયારી ચકાસતા જિલ્લા કલેકટર

ખંભાળીયા તા. ૧૧: આગામી સમયમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બે નગરપાલિકા, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોની ચૂંટણી આવનાર છે ત્યારે ચૂંટણીઓની પૂર્વ તૈયારીઓ કરવા તથા મતદાર યાદીઓ તૈયાર કરવાના સંદર્ભમાં દ્વારકા જિલ્લા કલેકટર રાજેશ તન્ના દ્વારા દ્વારકા જિલ્લાના પ્રાંત અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ માધ્યમથી સમીક્ષા બેઠક યોજી હતી.

ચૂંટણીને લગતી તમામ કામગીરી તથા મતદાર યાદી અપડેટ કરવાની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી.

તા. ૧૩ માર્ચે ૨૭ ગામોના લોકો લાભ લઈ શકશેઃ

જામજોધપુર તાલુકાના સતાપર અને સીદસર પ્રાથમિક શાળામાં સેવાસેતુનો કાર્યક્રમ યોજાશે

જામનગર તા. ૧૧: રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ સરળતાથી અને એક જ સ્થળે ઉપલબ્ધ થાય તે હેતુસર સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત હાલ જામનગર જિલ્લામાં પણ સેવાસેતુ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. તા.૧૩ માર્ચના જામજોધપુર તાલુકાના સતાપર ગામે તાલુકા પ્રાથમિક શાળામાં અને સીદસર ગામે પ્રાથમિક શાળામાં સવારે ૯ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવશે.

સતાપર તાલુકા પ્રાથમિક શાળામાં યોજાનાર કેમ્પમાં આજુબાજુના ૧૧ ગામડાઓ જેમાં વાસજાળીયા, તરસાઈ, જામસખપુર, ઉદેપુર, સતાપર, વરવાળા, મહીકી, પરડવા, અમરાપર, પાટણ, નેસ વિસ્તારોના લોકો લાભ લઈ શકશે.

સીદસર પ્રાથમિક શાળામાં યોજાનાર કેમ્પમાં ૧૬ ગામોના લોકો જેમાં ચુર, બાલવા, જામવાળી, ગીંગણી, સીદસર, માલવડા, વસંતપુર, કોટડા બાવીસી, નાગીયેરો નેશ, વાલાસણ, ગઢકડા, કડબાલ, મેલાણ, નાંદાણા, વનાણા,આંબરડી મેવાસાના લોકો લાભ લઈ શકશે.

સેવાસેતુ કાર્યક્રમમાં રેશનકાર્ડ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, લગ્ન નોંધણી પ્રમાણપત્ર, જન્મ-મરણના પ્રમાણપત્ર, આધારકાર્ડ, રસીકરણ, જાતિ પ્રમાણપત્ર, પી.એમ.જે.મા, આવકનો દાખલો, નોનક્રીમીલેયર વગેરે જેવી જુદા જુદા વિભાગની સેવાઓ લોકો સુધી એક સ્થળે અને ઘર આંગણે પૂરી પાડવામાં આવશે. જેનો લોકોએ બહોળા પ્રમાણમાં લાભ લેવા જામજોધપુર મામલતદારે જણાવ્યું છે.

:: જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વેને તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજયના જામનગર જિલ્લાના તથા તાલુકાના, **મૂળ વિભાપરના રે.સ.નં.૫૪** વાળી ખેતીની જમીન રહેણાંક હેતુ માટે બિનખેતી થતા જે સમગ્ર જગ્યા " **આદિત્ય" પાર્ક** તરીકે ઓળખાય છે. તે બિનખેતીના પ્લોટો પૈકી **સબ-પ્લોટ નં.૧૦૪/૧૧ જેનું ક્ષેત્રફળ ૭૨.૯૬ ચો.મી.** થાય છે જેમાં **૪૬.૫૪ ચો.મી.નું બાંધકામ** આવેલ છે. જેની સિટી સર્વે કચેરીના **વોર્ડ નં.૧૧ના શીટ નં.૧૯૨/૧૯૯ ના સિટી સર્વે નં.૨૧૪૭/૧૦૪/૧૧** થી નોંધાયેલ છે. તે બાંધકામવાળી મિલકત **હસમુખભાઈ ઠાકરસીભાઈ જગતીયા તથા સુષમા હસમુખભાઈ જગતીયાની** માલિકી તથા કબજા ભોગવટાની આવેલ છે, જેઓની પાસેથી મારા અસીલએ વેચાણથી રાખવાનું નક્કી કરેલ છે.

મજકુર વેચાણ સંબંધે કોઈને કોઈપણ જાતનો વાંધો-તકરાર હોય કે આ જગ્યા ઉપર કોઈપણ પ્રકારનો કાંઈપણ હકક, અધિકાર, હિત કે બોજો, કરજ, ચાર્જ કે લેણું હોય તથા સરકારી, અર્ધસરકારી બેંક, મંડળી કે વ્યકિતગત લેણું બાકી હોય તો તે અંગે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિવસ-૭ (સાત)**માં અમારા નીચે જણાવેલ સરનામે લેખિતમાં આધાર પુરાવા સાથે રજૂઆત કરવી, જો નિયત સમયમાં કોઇના તરફથી કોઈ વાંધો ન આવે તો કોઇને કોઇપણ જાતનો વાંધો-તકરાર નથી અગવા હોય તો તે **જતા (વેઇવ)** કરેલ છે, તેમ માની અમારા અસીલ ઉપરોકત જગ્યાનો પોતાના જોગનો પાકો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ લેવામાં આવનાર કોઇના કોઇપણ પ્રકારના વાંધો-તકરાર કે રજુઆત અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

સ્થળઃ જામનગર મારા અસીલની સૂચના અને ફરમાઇશથી
તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬ **સાગર વી. લાબડીયા (એડવોકેટ)**

:: અમારા મારફત ::
સાગર વી. લાબડીયા (એડવોકેટ)
ઓફિસ નં.૪, ફર્સ્ટ ફલોર, કે.પી. શાહ હાઉસ-૨
કે.વી. રોડ, જામનગર મો. ૯૦૫૪૫૪૧૦૩૧

:: જાહેર નોટીસ ::

એકિઝયુકટીવ મેજીસ્ટ્રેટની કચેરી ગોંડલ (તાલુકા)ની કોર્ટ સમક્ષ
તાલુકા સેવા સદન, ૨૧ સ્ટેશન પ્લોટ, ગોંડલ, જિ. રાજકોટ
જન્મ-મરણ કેસ નં. ૧૬/૨૦૨૬

શ્રી હુશેનભાઈ હાજીભાઈ ઈરાજી ...અરજદાર
વિરૂદ્ધ
રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, હડમતાળા,
તા. ગોંડલ, જિ. રાજકોટ .. સામાવાળા

વિષયઃ- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ **તા. ૦૭/૧૨/૧૯૪૭** ના રોજ **હડમતાળા** મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે **તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, "તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા)** ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદ્દતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ **તા.૦૩/૦૨/૨૦૨૬** ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટની મિહરો
એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)

:: જાહેર નોટીસ ::

આથી જાહેર જનતા તથા સંબંધકર્તા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવાની કે, ગુજરાત રાજયના જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મોજે **ખીરસરા** ગામના **રે.સ.નં.૪૧૯(જુના રે.સ.નં.૨૦૮/પૈકી૧૧)જેનું ક્ષેત્રફળ હેકટર ૨-૪૨-૮૧ આરે,આકાર રૂા.૪.૫૦ પૈસા** જેના **ખાતા નં.૪૫૪** થી નોંધાયેલ છે જે ખેતીની જમીનના હાલના માલિક અને કબજે ભોગવટેદાર **સલીમભાઈ લાખાભાઈ શમા, રે.ચોરબેડી, તા.લાલપુર**વાળા પાસેથી અમારા અસીલે ટાઈટલ કલીયરની શરતે ઉપરોકત ખેતીની જમીન ખરીદ કરેલ છે અને સુથીની રકમ ચુકવી સોદાખત કરેલ છે.

આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૮૦ માં જે કોઇને મજકુર જમીનના અગાઉના માલિક સામે કે મજકુર જમીન સંબંધે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ, દર, દાવો, વારસાઈ હકક કે લેણું-બોજો, કરજ, અગ્રહકક-લીયન, ગીરો, શાખ ગીરો, કુલ મુખત્યારનામું, કરાર કે કબજા બાબતે, રસ્તા, સેઢા અંગે કોઈ વાંધા તકરાર કે વેચાણ સામે કોઈપણને કોઈપણ જાતના વાંધા તકરાર હોય તો નીચેના સરનામે આધાર પુરાવા સાથે જાણ કરવી અન્યથા તેવું કંઈ નથી અને હશે તો તે જતા યાને વેઈવ કરેલ છે, તેમ માની અમારા અસીલ તેના નામે અથવા તેને યોગ્ય લાગે તેના નામે ચડાવવા પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી કરશે અને ત્યારબાદ કોઈના વાંધા-તકરાર કે અન્ય રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

સ્થળ : લાલપુર **રાહુલ બી. તાજપરા - એડવોકેટ**
તા. ૧૧-૦૩-૨૦૨૬ તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
રાહુલ બી. તાજપરા - એડવોકેટ
ઓફિસ નં. ૯, સ્નેહદીપ કોમ્પલેક્ષ, કોર્ટ પાસે,
લાલપુર, તા.લાલપુર, જિ.જામનગર :: મો. ૯૭૨૫૩ ૯૯૫૯

જામનગર મહાનગરપાલિકામાં

જન્મ-મરણના દાખલા મેળવવામાં અરજદારોને મુશ્કેલીઃ રજૂઆત

જામનગર તા. ૧૧: જામનગર મહાનગર પાલિકામાં જન્મ-મરણના દાખલા મેળવવામાં ખૂબ જ મુશ્કેલી નડતી હોવા અંગે ઉચ્ચ અધિકારી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

જામનગર મહાનગર પાલિકામાંથી જન્મ-મરણના દાખલા મેળવવા દરરોજ અસંખ્ય લોકો આવતા રહે છે. પરંતુ અહિ સ્ટાફ અને કોમ્પ્યુટરની અછત છે. સર્વર ડાઉન હોવાનું કહેવામાં આવે છે. પરિણામે અરજદારોને કલાકો સુધી લાંબી કતારોમાં ઉભા રહેવાની ફરજ પડે છે. બીજી તરફ અમુક ચોકકસ તત્ત્વો પૈસા લઈને આવી સુવિધા પૂરી પાડતા રહે છે.

આ બાબતે મ્યુનિ. કમિશનર સમક્ષ લેખિત રજૂઆતો પણ કરવામાં આવી છે. પરંતુ તેઓ પણ કોઈ કડક પગલા ભરતા નથી. પરિણામે અરજદારો હેરાન પરેશાન થઈ રહ્યા આથી હવે છેક ગાંધીનગર સુધી રજૂઆતો કરવામાં આવી છે.

:: જાહેર નોટીસ ::

આથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયનાં શહેર જામનગરમાં, તા.જિ. જામનગરના **નગરસીમના રેવન્યુ સર્વે નંબર : ૩૮૩/બી તથા ૩૮૫**, વાળી બીનખેતીની જમીન જે જામનગર જિલ્લા પંચાયત કચેરીના હુકમથી બીનખેતી ફેરવવામાં આવેલ છે. તેના પ્લોટસ પૈકી **પ્લોટ નંબર : ૨૬, ચોરસ મીટર ૫૩૨.૬૧૩, જેના ચોરસ ફૂટ આશરે ૫૭૩૩.૦૦** થાય છે, આ મિલકત, **તેના હાલના માલિક લલીતકુમાર હરિદાસ મચ્છરની** અસલ ફાઈલ વેરિફિકેશન કરતા - તપાસતા નીચે મુજબનો અસલ દસ્તાવેજ મીસપ્લેસ થયેલ છે, ગુમ થઈ ગયેલ છે.

૧) મંગલદાસ મથુરાદાસ કાનાણી જોગ મોહનલાલ નારણજી સવજાણી એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર : ૪૦૯૮, તારીખ : ૨૮/૧૨/૧૯૯૧ના રોજનો અસલ.

સદર અસલ દસ્તાવેજ સંબંધે જો કોઈપણને કોઈપણ રીતે, કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર હોય કે અન્ય કોઈપણ રીતે હકક, હિત, હિસ્સો, ચાર્જ, લીયન, અગ્રહકક વિગેરે કોઈપણ પ્રકારે વાંધો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાના દિવસ - સાત (૭)માં આધાર પુરાવા સાથે લેખિતમાં જાણ કરવા આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે. ત્યારબાદ કોઇનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને છે તો જતો (વેઇવ) કરેલો છે તેમ માની મારા અસીલ ઉપરોકત નંબર તારીખવાળો વેચાણ દસ્તાવેજની ખરી નકલ મેળવી અને આગળ વેચાણની પ્રકિયા કરશે અને આ મિલકતનો વેચાણ દસ્તાવેજ સૂચિત ખરીદનારના નામ જોગ નિયમોનુસાર કરશે ત્યારબાદનો કોઈપણ પ્રકારનો વાંધો મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વેએ નોંધ લેવી.

સ્થળઃ જામનગર મારા અસીલની સૂચના અને ફરમાઈશથી
તારીખઃ ૨૧/૦૮/૨૦૨૩ **પીયુષ બી. ખખ્ખર (એડવોકેટ)**

:: અમારા મારફત ::
પીયુષ ભરતભાઈ ખખ્ખર (એડવોકેટ)
'બાલમુકુંદ', શેઠ ભગવાનદાસ રોડ, ખંભાળિયા નાકા બહાર,
જામનગર ફોન : ૦૨૮૮-૨૫૫૧૧૫૦, મો. ૯૩૭૭૬ ૧૫૦૫૦

પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો
ઈ-ટેન્ડર સૂચના નં. 48 વર્ષ 2025-26 તારીખ 09.03.2026

ક્રમ સં	ઈ-ટેન્ડર નં	કામનું નામ	અંદાજિત NIT કિંમત (રૂ.માં)	અર્નેસ્ટ મની (રૂ.માં)
1	DRM-RJT-2025-26-E-96	રાજકોટ મંડળ - સિનિયર DEN (પૂર્વ) આસ્ટોડીના અધિકારક્ષેત્ર હેઠળ રીલીઝડ સ્લીપર બાઉન્ડ્રી મટ્ટમ પૂરો પાડવું (5000 નંગ)	₹. 13061471.61	₹. 215300.00
2	DRM-RJT-2025-26-E-97	રાજકોટ મંડળ - SSE(W)MVI હેઠળ MVI ખાતે TWS નું બેલેન્સ કાર્ય	₹. 6283936.61	₹. 125700.00

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ 31/03/2026 @ 15.00 કલાકે કાર્યાલયનું સરનામુંઃ ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001 વેબસાઈટઃ www.ireps.gov.in RJT 218
અમને લાઈક કરો: facebook.com/WesternRly - અમને ફોલો કરો: twitter.com/WesternRly

સોમૈયા-હરિયા પરિવારનું ગૌરવ

રશ્મી સોમૈયા

જામનગર તા. ૧૧: જામનગરના સોમૈયા પરિવારના શ્રીમતી દીપાબેન તથા દિલીપભાઈ સોમૈયાની પુત્રવધૂ તે ભરતભાઈ હરિયાના દીકરી અને શિવમ દિલીપભાઈ સોમૈયાની પત્ની રશ્મીએ સી.એ. ફાઈનલની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ સોમૈયા તેમજ હરિયા પરિવારનું ગૌરવ વધાર્યું છે.